ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૮/૨૦૨૦

જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૯૮/૨૦૨૦/જીસીએસ/૧૦/૨૦૨૦/૧૧૫/છ(પા.ફા.૦૨)

પ્રસ્તાવના:

ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૭૭ મુજબ નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ છ મહિનાની અવધિમાં સભ્યોની સામાન્ય સભા બોલાવવાની હોય છે. તમામ સહકારી મંડળીઓમાં નાણાંકીય વર્ષ એપ્રિલ થી માર્ચ હોય છે. તેથી તમામ સહકારી મંડળીઓ સદરહુ કાયદાની જોગવાઈના કારણે મોડામાં મોડી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી વાર્ષિક સાધારણ સભાનું ફરજિયાત આયોજન કરવાનું હોય છે.

કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સરકારશ્રીએ અનલોક-૩ ની ગાઈડલાઈન બહાર પાડેલ છે. તેમાં કોઈપણ સામાજીક/રાજકીય/રાજકીય/રમત-ગમત/મનોરંજન/શૈક્ષણિક/સાંસ્કૃતિક/ધાર્મિક કે અન્ય કોઈપણ પ્રકારના મેળાવડા કરવાની સ્પષ્ટ મનાઈ કરવામાં આવેલ છે. સહકારી મંડળીઓમાં મોટી સંખ્યામાં સભાસદો હોઈ સાધારણ સભામાં ઘણા બધા સભ્યો હાજર રહેતા હોય છે. આથી જો ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધીમાં સાધારણ સભા બોલાવવામાં આવે તો સરકારશ્રીની અનલોક-૩ ની ગાઈડલાઈનનું પાલન થઈ શકે તેમ નથી. જે અન્વયે સહકારી મંડળીઓની સાધારણ સભા સંદર્ભે નીચે મુજબનુ જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

જાહેરનામુ:

રાજ્ય સરકાર ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ અધિનિયમની કલમ-૭૭ અન્વયે તમામ સહકારી મંડળીઓને સાધારણ સભા બોલાવવાની જોગવાઈમાંથી મુક્તિ આપી સાધારણ સભા બોલાવવાની મુદત તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય કરે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અતુલ એન. પટેલ)
નાયબ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સહકાર)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.